


"હવે રજા પાડો... રજા... દિવાળી આવી..!"

"શાંમા રજા પાડવી છે તમારે ..? શાળામાં રજા પડી ગઈ..., કચેરીઓમાં પડશે..., ફેક્ટરીઓ-કારખાનાઓ બંધ રહેશે... અને પાંચમ સુધી બજાર પણ બંધ રહેશે..!"

"અરે હુ તો આ પંચાતમાં રજા પાડવાનુ કહુ છુ. પ્રચારમાં રજા પાડો. જીંદાબાદ, જીંદાબાદના સૂત્રો અઠવાડિયુ બંધ રાખો અને દિવાળી ઉજવો દિવાળી..!"

"ટોણાં મારો છો તમે..? આજે અમારા બે મોટા સાહેબો આવવાના છે એટલે અકળાયા છો તમે. એમની સિંહ ગર્જનાથી અમારા કાર્યકરો જોશમાં આવી જશે. પછી જો જો તમારી દશા..!"

"ધમકી આપો છો..? અમે ગુજરાતમાં જ રહીએ છીએ... અમે એ જ સિંહ અને સાવજના પ્રદેશના પ્રતિનિધિ છીએ... વાત કરવી હોય એ સીધી રીતે કરો ને..! તમે ગમે તેટલા ધમપછાડા કરશો પણ હવે ધરતી સરકતી જાય છે."

"ઓ... હો...હો... સોશીયલ મીડિયામાં તમારા ચાર મેસેજ ફરતા થતા એટલે તો તમારામાં હવા ભરાઈ ગઈ, પણ એ ફુગ્ગો ફૂટી જશે ને એની ખબર પણ નહીં પડે."

"એવી વાત તો કરશો જ નહી. એ ત્રણ વર્ષ ભ્રમ રહ્યો. એ વાત સાચી છે. અમે અને અમારાવાળા ભ્રમમાં હતા અને પ્રજાએય ભ્રમમાં હતી. પણ હવે ભ્રમ ભાંગ્યો છે. જોયુ નહી તમે ? ગુરદાસપુરની બેઠકનું પેટાચૂંટણીનું પરિણામ."

"એમાં ધાડ શુ મારી ? તમારી સરકાર છે અને તમે ચૂંટણી જીત્યા એમાં નવી નવાઈ શું..?"

"સાહેબ નવી નવાઈ તો એ છે કે આ તમારા વિનોદ ખન્નાવાળી બેઠક અને તમારો આટલો જય જયકાર થતો હોય ત્યારે અમારો ઉમેદવાર ૧,૯૩,૦૦૦ વોટથી જીતે એ જ સૂચવે છે કે હવે તમારા વળતાં પાણી થયા છે. સમજો તો સારૂ બાકી તો..?"

"ઓ...હો...હો...હો... પાંચ-પાંચ ચૂંટણીઓ જીત્યા. લોકસભામાં તો ગુજરાતમાં તમારાવાળા સફાચટ થયા તોય હજુ પેલા ગુરદાસપુરના પરિણામના આધાર પર આશાઓ મંડાઈ છે. મુંગેરીલાલ કે હસીન સપને... જેવી વાત છે."

"કરો મજાક... દોઢ-બે મહિના છે તમારા માટે. પ્રજાનો મિજાજ અસલી સ્વરૂપમાં તમને દેખાશે ને ત્યારે તમને ખબર પડશે કે વિકાસ ડાહ્યો થયો છે કે ગાંડો..?"

"જવા દો આ માથાકુટ... પ્રગટાવો દિવડા... પુરાવો રંગોળી... ફોડો ફટાકડા... છોડો તમારી આ પંચાત..."

"હા સાચી વાત છે. અંધકારને ઉજાસમાં પલટાવીએ... દરીદ્રનારાયણોના ઘરે અન્નકૂટ ભરીએ... છેવાડાના માણસના ચહેરા ઉપર ચમક લાવી શકીએ... ત્યારે આ રાજકીય ચોતરાની ચતુરાઈ ચિનગારી બનીને અજવાસ પાથરે એ જ સમયનો ધબકાર છે."

- નિમિત્ત માત્ર

# મેટ્રો રેલ બીજા તબક્કામાં ગાંધીનગર આવશે

## નવો વિકાસ નકશો અને મેટ્રોરેલ પ્રોજેક્ટ ગાંધીનગરના વિકાસને વેગીલુ બનાવશે




ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના નવા વિકાસ નકશાને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે અને તે અંગેના હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે તેવી જાહેરાત આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી હતી.

તેમણે કહ્યુ કે ગાંધીનગર-અમદાવાદને જોડતી મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કાને પણ ગઈકાલે રાત્રે જ મંજૂરી આપી દેવામાં આવી છે અને તે ટૂંકમાં જ કાર્યાન્વીત બને તે પણ જોવાશે.

મેટ્રોરેલ પ્રોજેક્ટમાં મહાત્મા મંદિર, ગુડાના આ વિસ્તાર, અક્ષરધામ બધાને ધ્યાને રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી રૂપાણી દ્વારા આ ફાઈલને એકાદ-બે દિવસમાં જ મંજૂરી મળી જતાં કરોડો રૂ.ના કામો આ વિસ્તારોમાં શરૂ થઈ જશે અને વિકાસના નવા દ્વાર ખુલશે.

ગાંધીનગર શહેરના નવા વિકાસ નકશાને પણ બહાલી આપી દેવામાં આવી છે અને તેમાં બધી જ નાની બાબતોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. નવા વિકાસ નકશાને પગલે ગુડા સહિતના વિસ્તારમાં વિકાસ કાર્યોને નવો વેગ મળશે. તેમણે કહ્યુ કે ૪૦૦થી વધુ પાનાનો આ વિકાસ નકશો છે એટલે તમે બધા તેનો અભ્યાસ કરજો. વિકાસ રાતોરાત નથી થતો બધા જ વર્ગો અને બધાના જ હિતોને ધ્યાને રાખી આ વિકાસ નકશો તૈયાર કરવામાં આવ્યો છે.

## વિકાસ વિરોધીઓ માટે થ્રી ડી ચશ્મા હું શોધી રહ્યો છુ : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૧૫

કોંગ્રેસને વિકાસ દેખાય તેવા થ્રી ડી ચશ્મા હું શોધી રહ્યો છુ. ગુજરાતે જે વિકાસ કર્યો છે તેની નોંધ વૈશ્વીક બનીછે પણ વિકાસ વિરોધી કોંગ્રેસને તે દેખાતો નથી તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે ગુડા દ્વારા પં. દિનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાના અનાવરણ પછી ઉચ્ચાર્યા હતા. તેમણે કહ્યુ કે સર્વસમાવેશક વિકાસને ભાજપે અગ્રતા આપી છે તેણે પક્ષપાત કર્યો નથી વિકાસને લઈ વિવાદ કરવાની ટેવ પણ નથી પરંતુ કોંગ્રેસ સહિતના વિરોધીઓને વિકાસ દેખાતો નથી.

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારનું ડેવલપમેન્ટ જુઓ; અહિ જે સુવિધાઓ વિકસાવવામાં આવી છે તે જુઓ આ કંઈ બધુ રાતોરાત નથી થયુ. બધાને સાથે રાખી સૌનો સાથ મેળવી સૌના વિકાસને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. તેમણે કહ્યું કે ગાંધીનગર સરખેજ હાઈવે પર અડાલજ સુધી સ્ટ્રીટલાઈટનું કામ કર્યુ છે. તેમાં માર્ગ-મકાન વિભાગે થાંભલા નાખી દીધા અને બિલ ગુડા ભરે છે. અડાલજથી ઉત્તર ગુજરાત તરફ જતા લોકોને તકલીફ ના પડે તેની કાળજી લેવામાં આવી છે.ગુડા વિસ્તારમાં નર્મદાનું પાણી, ગુડા વિસ્તારમાં ગટરલાઈન, ગુડા વિસ્તારમાં માર્ગોનું નેટવર્ક બધા જ કામો થયા છે પણ કોંગ્રેસ અને વિરોધીઓને દેખાતા નથી એટલે પેલા ફિલ્મમાં થ્રી ડી ચશ્મા જેમ થિયેટરવાળો આપે છે તેવા ચશ્મા હું વિકાસ વિરોધીઓ માટે શોધી રહ્યો છુ.

# આજે ગાંધીનગરના ભાટ ખાતે નરેન્દ્ર મોદી ગૌરવ મહાસંમેલનને સંબોધશે

### ૧૫ દિવસની ગુજરાત ગૌરવ યાત્રા પરિપૂર્ણ થતાં નવો ઉત્સાહ : આજે મોદી કોઇ વધુ મોટી જાહેરાત કરે તેવી પણ સંભાવના : ૭ લાખ કાર્યકરો જોડાશે

અમદાવાદ,તા. ૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થયો નથી ત્યારે ભાજપના તમામ ટોચના નેતાઓ સક્રિય થઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ગુજરાત ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે. આના ભાગરુપે જ મોદી આવતીકાલે ફરી એકવાર ગુજરાત પહોંચી રહ્યા છે. મોદી આવતીકાલે ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં ઉપસ્થિત લાખો લોકોને સંબોધન કરનાર છે જેમાં કેટલીક મોટી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા પણ છે. ગયા સપ્તાહમાં મોદીએ રાજકોટ, વડનગર, ગાંધીનગર, ભરુચમાં જુદા જુદા પ્રોજેક્ટો માટે આધારશીલા મુકી હતી. સાથે સાથે લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ૮મી ઓક્ટોબરે તેમના માદરે વતન વડનગરમાં ભવ્ય રોડશો પણ યોજ્યો હતો. પાર્ટીના સિનિયર નેતાઓ પહેલી ઓક્ટોબરના દિવસે શરૂ થયેલી ૧૫ દિવસની ગુજરાત ગૌરવ યાત્રામાં જોડાયા હતા. આ ગુજરાત ગૌરવ યાત્રા ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા મતવિસ્તાર પૈકી ૧૪૯માં ફરી હતી. મોદી આવતીકાલે ગૌરવ મહાસંમેલનમાં સાત લાખ જેટલા ભાજપ કાર્યકરોને માર્ગદર્શન આપશે તેવી વાત આજે ગુજરાત ભારત ભાજપ વડા જીતુ વાઘાણીએ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગર ભાટ ગામ

● અનુસંધાન પાન-૭ પર

## પાંચેય બેઠક પર કમળ ખીલવુ જોઈએ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક પર કમળ ખીલવુ જોઈએ તેવો સ્પષ્ટ સંકેત આપતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે ૧૫૦થી વધુ બેઠકો જીતવાનો લક્ષ્યાંક છે ત્યારે તેમાં ગાંધીનગર ઉણુ ઉતરે તેમ હું ઈચ્છતો નથી. તેમણે કાર્યકરોને પણ ટકોર કરી જણાવ્યુ હતુ કે વિકાસના જે કામો થયા છે તે લોકો સુધી પહોંચે એટલુ જ નહિ પણ લોકોને શુ ખુટે છે તે વાત સરકાર સુધી પહાંચાડે. તેમણે કહ્યુ કે જિલ્લામાં કમળ ખીલે અને વિકાસ વધુ મજબુત બને તે માટે સૌ કામે લાગે એ જરૂરી છે.

# વડાપ્રધાનની સુરક્ષાને પગલે ભાટ ખાતે લોખંડી પોલીસ બંદોબસ્ત

### લાખો કાર્યકરો ઉમટે તેવી શક્યતા વચ્ચે અલાયદા પાર્કીંગ મેદાનો તૈયાર કરાયા : ૪ હજાર પોલીસ બંદોબસ્તમાં ગોઠવાશે : બપોરે ૨ થી ૭ એપોલો સર્કલથી ઈન્દીરાબ્રીજ રોડનો ઉપયોગ ટાળવા જિલ્લા પોલીસ વડાનો અનુરોધ

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગર નજીક ભાટ ખાતે યોજાનાર પેજ પ્રમુખ સંમેલનમાં આવનાર છે. લાખોની સંખ્યામાં કાર્યકરો આ સ્થળે ઉમટે તેવી શક્યતા છે. જેને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને વડાપ્રધાનની સુરક્ષાના દૃષ્ટીકોણથી ૪ હજાર પોલીસ જવાનોનો લોખંડી પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત ટ્રાફીકની અવ્યવસ્થા ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવા પાર્કીંગના મેદાનો તૈયાર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાનની સુરક્ષા માટે ભાટ ખાતેના પેજ પ્રમુખ સંમેલન કાર્યક્રમ સ્થળે ૪ હજાર પોલીસને બંદોબસ્તમાં જોતરવામાં આવી છે. પાંચ લાખથી વધુ ભાજપના કાર્યકરોની ભીડ આ પેજપ્રમુખ સંમેલનના કાર્યક્રમમાં આવશે તેવુ માનવું છે. કોઈ અવ્યવસ્થા ન સર્જાય અને વડાપ્રધાનની ઉપસ્થિતિમાં કોઈ વિરોધીઓ કે મોરચા લઈને આવતા આંદોલનકારીઓ ઘુસી ન જાય તેની પણ ખાસ તકેદારી તંત્ર દ્વારા રાખવામાં આવી છે. તો બીજી તરફ આવતીકાલે ભાટના આ કાર્યક્રમને પગલે મોટા પ્રમાણમાં વાહનોની સંખ્યા આવે તેવી સ્થિતિ હોવાથી ટ્રાફીકમાં ફસાવાય નહી તે માટે બપોરે ૨ થી ૭ વાગ્યા દરમ્યાન કોબા-ઈન્દીરાબ્રીજ રૂટને બદલે અન્ય રૂટ પસંદ કરી ત્યાંથી પસાર થવા એટલે કે વૈકલ્પીક માર્ગનો ઉપયોગ કરવા ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે અનુરોધ કર્યો છે.

# પોલીસ ઈન્સપેકટરની ભરતી પરીક્ષાનુ પેપર ઉમેદવારો માટે લેન્ધી અને અટપટુ સાબિત થયુ

### રાજ્યમાંથી ૨.૩૦ લાખ ઉમેદવારો નોંધાયા હતા : કુલ ૮૮ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન : ઈતિહાસ અને કરન્ટ અફેર્સના અટપટા પ્રશ્નોથી ઉમેદવારો મુંઝાયા : નોટબંધી, રાજનિતી, અને રમતગમતના પ્રશ્નો પુછાયા

ગાંધીનગર તા ૧૫

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે વર્ગ -૨ પોલીસ ઈન્સપેકટરની ભરતીને અનુલક્ષી પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યમાંથી ૨.૩૦ લાખ ઉમેદવારો આ પરીક્ષા માટે નોંધાયા હતા. ૩૦૦ ગુણના પેપરમાં હીસ્ટ્રી તેમજ કરન્ટ અફેર્સના પ્રશ્નોને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યુ હોવાનુ પણ પરીક્ષાર્થીઓએ જણાંવ્યુ છે. અટપટા પ્રશ્નોના લીધે ઉમેદવારો માટે પેપર લેન્ધી સાબિત થયુ હતુ. પેપરમાં નોટબંધી તેમજ ભારતની

● અનુસંધાન પાન-૭ પર

## રેસ્ટોરન્ટ વેચવાની છે

ગાંધીનગરના અત્યંત ઝડપી વિકસી રહેલા પ્રાઈમ લોકેશન રિલાયન્સ ચોકડી નજીકની ગ્રાઉન્ડ ફ્લોરની રેસ્ટોરન્ટ વેચવાની છે.

સંપર્ક : ૦૭૯૯૦૨૨૦૯૫૬

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **નવીનચંદ્ર સાંકળેશ્વર દવે** તા. ૧૫/૧૦/૨૦૧૭ના રોજ સદ્‌ગતિ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૬/૧૦/૨૦૧૭ને સોમવારના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ સાંઈબાબા મંદિર, ઉદયભાણસિંહજી કોલેજ સામે, ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર

લી.

| | |
|---|---|
| ઉમંગ નવીનચંદ્ર દવે | જસ્મીન ઉમંગ દવે |
| પ્રો. ધર્મેન્દ્ર નૌતમલાલ દવે | મીતા ધર્મેન્દ્ર દવે |
| ડો. તેજસ સુબોધભાઈ ચોક્સી | ડો. દિપ્તી તેજસ ચોક્સી |
| હેતલભાઈ બી. ત્રિવેદી | હેતલ હેતલભાઈ ત્રિવેદી |
| ડો. જીગ્નેશ ચંદુલાલ ખંધેડીયા | ડો. હેમા જીગ્નેશ ખંધેડીયા |

અમારા બનેવી શ્રી નવીનચંદ્ર સાંકળેશ્વર દવેનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

- શ્રી કનુભાઈ નંદલાલ રાવલ પરિવાર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગરવી ગુર્જરી
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ. લી.
(ગુજરાત સરકારનું સાહસ)
દિવાળી ઓફર
UPTO 50% OFF
UPTO 50% OFF



પટોળા સાડી । બાંધણી સાડી । ભરતકામ શાલ । રોગન પેઈન્ટિંગ । અજરખ બેડશીટ । ડ્રેસ મટીરીયલ । એમ્બ્રોયડરી ટોપ । બેગ । કુશન કવર । જેકેટ । સ્ટોલ્સ । વોલ હેન્ગીગ । દુપટ્ટા । ફાઈલ ફોલ્ડર । વરલી પ્રિન્ટીંગ અને વધુ..
estoregurjari garvigurjari6986 gurjarimail2014 Garvi Gurjari Garvi Gurjari
શોરૂમ
અમદાવાદ: પંચવટી, વ્હાઈટ હાઉસ સામે । આંબાવાડી । એરપોર્ટ । અમદાવાદ હાટ ।
ગાંધીનગર: સેક્ટર-૧૬ । કુડાસણ
ઓનલાઈન ખરીદી માટે: www.garvigurjari.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com